સ્વદેશના ઉદયાર્થેજ નજીવી

ત્રણ પઈમાં

તેત્રીસ

જેમાંના દશ વીસતો જરૂર
આપને ઘણાજ કામના છે.
અને લાગશેજ. નહિ લાગેતો
પૈસા પાછા

પંડિત ઘર્ષસ માટે લખનાર

ફરસરામ કેશવરામ પંડિત

છપાવનાર

રતિલાલ કેશવલાલ દેશાઈ

“અંકુશ” મુદ્રણાલય—સુરત,

કિંમત ફક્ત ત્રણ પઈ

[illegible] અજાયબી.

ખરેખર એતો ઘણુંજ અજબ કે, પંડિત કેશ વર્ધક ચુર્ણ તથા તેલ કે જેના બનાવનારને સુરતના પ્રદર્શનમાંથી સ્વદેશી ફોનોગ્રાફની ચુડી માટે સોનાનો ચાંદ સરટીફીકેટ મળ્યા છે. તે વાળને ફકત ચોવીસ કલાકમાંજ વધારી નરમ સુંવાળા રાખે છે. તથા અમળા ઇયળા વાળને સીધા બનાવી માથામાંથી જુ ખોડો લીખ વિગેરેનો સદંતર નાશ કરી શોભામાં વધારો કરી મગજને ઠંડુ રાખે છે.

એકવાર વાપરવા વિનંતી છે.

કીંમત, ડબ્બી એકના ૦–૧૦=૦

તેલની સીસીનો ૧–૦–૦

ટપાલ ખર્ચ જુદો

પંડિત [illegible]
નાણાવટ

૨૧-૯૮

ત્રણુ પઇમાં તેત્રીસ

૧ ચીમનીની બત્તીને જલ્લદસરકામાં બોળી તદ્દન શુકાયા પછી બાળવાથી સારૂ તેજદાર બળે છે. તથા ધુવો ઘણોજ કમી નીકળે છે.

૨ રાત્રે દીવો સામે રાખી વાંચવાથી આંખને ઘણુંજ નુકસાન થાયછે. પરંતુ પાછળ રાખી વાંચવાથી એટલું નુકસાન થતું નથી.

૩ દીવામાં બાળવાનું કોઇપણ જાતનું તેલ રંગ વગરનું ચોખ્ખું પાણી જેવું હોય તે સારૂં જાણવું.

૪ જુની મીણુ બત્તીપર સ્વચ્છ ફ્લેનલના કકડાને સ્પીરીટ ઓફ વાઇનમા જરા બોળી ઘસવા

થી પાછી નવા જેવી થાય છે.

૫ તેલ જેમણું ચીકણું અથવા જાડુ હોય તો તેમાં થોડું ટરપીટાઇન તેલ મેળવવાથી સારૂ બને છે.

૬ ઉંધઇના ઉપદ્રવથી બગડેલા કપડાને તંબાકુના જલદ ઉકાળામાં ખુબ રગડી સ્પીરીટ ઓફ કેંફર છાંટવાથી સારા થાય છે.

૭ રેશમ રીબન વિગેરે ભુરા રંગના કાગળમાં બાંધવાથી બગડતા નથી.

૮ ઉનના કપડાને સાબુના ઘણા ગરમ પાણીમાં ધોવાથી સારા થાય છે. ઝબઝબાવવાથી અગર ગરમ નરમ પાણીમાં સંકોચાય છે.

૯ કાળા કપડાને અરધો કલાક બે ગેલન પાણીમાં ત્રણ ઔંસ લોગવુડના ઉકાળામાં [illegible]

વાર ઉકાળી અને સલફેટ ઑફ આર્યન (હીરાકશી) નાખી ઉકાળવાથી સરસ રંગ આપે છે. તથા સાફ નવા જેવા થાય છે.

૧૦ ફ્લેનલના કપડાને ઊકાળવા નહિં પરંતુ ગરમ પાણીમાં સફેત સાબુથી ધોવાથી સારા થાય છે.

૧૧ સણના કપડાપર સાઇનાઇડ ઑફ પોટાસ લગાડવાથી નીશાન પાડવાની સાહીના ડાઘ જાય છે.

૧૨ ટંગસ્ટેટ ઑફ સોડા અગર ફટકડીના પાણીમાં સણ સુતરકે મસલીનના કપડા બોળી નીચોવ્યા વગર સુકાવવાથી જલદી બળતા નથી.

૧૩ ઘાસની સાદડી યા ટોપીપર મીઠાના પાણીનું પોતું ફેરવવાથી સાફ થાય છે. તથા રંગ બદલાતો નથી.

૧૪ ચારકોલસાના ભુકાને સીસી અગર બરણીમાં રાખવાથી જેમે તેવી વાસ નાબુદ થાય છે.

૧૫ બુટપર બટાકાની કાપલી ઘસી બ્લેકીંગ લગાવી બ્રસથી ઘસવાથી ઘણો સારો ચળકાટ આપે છે.

૧૬ સાંજે દોહેલા દુધ કરતાં સવારનું દુધ વધારે માખણ આપે છે.

૧૭ ખરાબ થયલા માખણને આંગળી શકે તેવા ગરમ પાણીમાં ધીમેથી મેળવી ઠંડુ થયા બાદ જરા ખાંડ અને સ્વચ્છ મીઠું મેળવી વલોવવાથી પાછું તાજા જેવું બને છે.

૧૮ ખારાસ પડતા માખણમાં શેરે પાસેર

તાજુ દૂધ મેળવી વલોવવાથી તાજા જેવુંજ બને છે.

૧૯ સાબુનું પાણી નાહના છોડવાને તથા વેલાને ઘણું સરસ ખાતર છે.

૨૦ ગાયનો ગાવાથી છાતીનો ભાગ મજબુત થાય છે.

૨૧ "ચા" પીવાની ટેવ નહિ હોય તેને ચા પીવાથી માથાનું દુખવું સુસ્તી વીગેરે દરદો એક દમ નરમ પડે છે.

૨૨ દીવસના ખુલ્લી બારી જેટલી ફાયદાકારક છે. તેટલીજ રાત્રીના નુકસાનકારક છે.

૨૩ સુવાના સ્થાનમાં ધોયલા કપડા સુકવવા એ નુકસાનકારક છે.

૨૪ ઊંઘતા બાળકને એકદમ જગાડવા તથા અંધારામાંથી અજવાળામાં લાવવા એ ઘણું નુકસાનકારક છે.

૨૫ સમજી સુતર જે ઘાસ પર થાય છે તે ને મીઠા તેલમાં કકડાવી કાનમાં ટીપા નાંખવાથી ગમે તેવા કાનમાં થતા આકરા દુખાવો એક દમ નરમ પડે છે.

૨૬ કુંઆડીયાના બીને સેકી ખાંડી ભુકો કરી પાણીમાં ઉકાળવાથી નકલી કોફી બને છે.

૨૭ આંખમાં ચોખ્ખું મધ આંજવાથી ઘણા રોગોનો નાશ થાય છે એ અનુભવ સિદ્ધ છે

૨૮ નખતેલ લગાડવાથી માકણનો નાશ થાય છે.

૨૯ કપડા અગર મખમલ પર ચરબી અગર ચીકાશના પડેલા ડાઘ ઊપર એક સ્વચ્છ ફ્લેનલના કકડાથી સુકાતા સુધી ટરપેંટાઇન ઘસવાથી ડાઘ જાય છે. જે ગયા પછી બ્રસથી સાફ કરી ખુલ્લી હવામાં સુકવવું.

૩૦ કેરોસાઇન (ગ્યાસતેલ) તેલ કાનોઆકની

ગોળ ચુડી પર હલકે આંગળીયે ઘસવાથી ગાય ન ઊતરી જાય છે. તથા ચુડી સાફ થાય છે.

પંડિત કેશ વર્ધક ચુર્ણ તથા પંડિત કેશ વર્ધક તેલ માટે મળેલા ખાત્રી પત્રોમાંથી થોડાની ખરી નકલો વાંચવા કૃપા કરશો.

૩૧ એકથી નવ સુધીમાંનો ગમે તે એક આંકડો ધારી તેને સાતે ગુણી ચાર ઊમેરવા બાદ દસે ગુણી ચૌદે ભાંગતા જે બાકી વધે તેને ચારે ગુણવાથી જવાબ બધાનો ફકત ૧૪૪ આવશે.

૩૨ ચારમોલનો ભુકો કરી ચપ્પુ પર ઘસવાથી ઘણા સરસ સાફ થાય છે.

૩૩ વાળના શોખીનોને જો ઘણાજ થોડા વખતમાં ઘણાજ વાળ વધારવા હોય તો તેનો

રામબાણ ઇલાજ ફક્ત " પંડિત કેશ વર્ધક ચુર્ણ " તથા " પંડિત કેશ વર્ધક તેલ " જ છે જે ફક્ત ચોવીસ કલાકમાંજ વાળને વધારે છે. એટલુંજ નહિ પરંતુ ખરતાં અટકાવીજું; ખોડો લીખ વિગેરેનો નાશ કરી શોભામાં વધારો કરે છે; જેને માટે ખાત્રી પત્રો વાંચવા કૃપા કરવી.

મેસર્સ પંડિત બ્રધર્સ.

વા॰ મ્હારી પુષ્પા ગવરી ને તમારૂં ચુર્ણ લગાવતાં જે **ચોવીસ દિવસમાં નહિ તે ફક્ત ચોવીસ કલાકમાંજ વાળનો વધારો થયો.**

૨૧૮

એટલુંજ નહિ પરંતુ મને પોતાને વૃદ્ધ વયે માથામાં પડેલી ટાલ ઉપર પણ ચુર્ણ લગાવતાં તેમાં વાળ ઉગેલા જણાયા, આવું અકસીર ચુર્ણ હજી સુધી મારા જાણવામાં તથા સાંભળવામાં એક પણ નથી.

મેસર્સ પંડિત બ્રધર્સ

આપને લખી આપતા મને આનંદ ઉપજે છે કે તમારૂં પંડિત કેશવર્ધક ચુર્ણ " ઘણોજ અસરકારક તથા વાળ વધારનારો જણાયો છે.

લી૦ સેવક

બરજોર એમ. સતારાવાળા.

મેસર્સ પંડીત બ્રધર્સ,

જત હું ખાત્રી પુર્વક કહું છું કે, મેં બધી

વાળ વધારવાની દવા વાપરી તેમાં તમારી દવા એટલી બધી અસરકારક નીવડી છે કે, બીજી કલાક કરતાં પણ ઓછા કલાકમાં વાળ વધે છે. એટલુંજ નહિં પણ તેની સાથે માથામાં થતાં જંતુ કે જું, ખોડો, લીખ, મેલ વિગેરેને માથા માંથી કાડી નાંખે છે. ને વાળ હોય તેના કરતાં વધરે કાળા કરે છે. મારા અભિપ્રાય પ્રમાણે ત મારી દવા ઘણીજ સારી છે.

લી૰ શુભેચ્છક

જગમોહનદાસ એમ૰ માસ્તર

મેસર્સ પંડિત બ્રધર્સ,

વિ. આપે મોકલેલી દવાનો ઉપયોગ કરતાં અમોને તેનો ફાયદો એક દીવસમાંજ માલમ

પડ્યો છે, અને તે દવાથી વાળ વધ્યું છે, અને કાળા તથા સુંવાળા થાય છે. એ અમોએ જાતે વાપરી ખાત્રી કરી છે.

લી૦ સદાનો

વ્યાસ ડાહ્યાભાઇ મયાશંકર

મેસર્સ પંડિત બ્રધર્સ

વિ. આપની વાળ વધારવાની દવા વાપરવાથી હમને ઘણોજ ફાયદો થયો છે. હમને બીજી ડબ્બીઓ જોઇએ છે. જેથી વી. પી.થી મોકલી આપશો, કારણ કે, તે દવાના ફાયદાથી હમારા સ્નેહીઓને આપવાની છે.

લી૦ ઠાકોર

દીપસીંહ નારસંહ

મેસર્સ પંડિત બ્રધર્સ

આપનું પંડિત કેસ વર્ધક ચુર્ણ વાપર્યું છે. એથી હમને ઘણોજ ફાયદો થયો છે. એટલું નહીં પંરતુ એ દવાથી વાળનો વધારો ઘણોજ જલદી થયો છે. વળી એ દવા નાખ્યા બાદ થોડી વારે જુ તરી ઉપર આવે છે. અને ખોડો લીખ વિગેરે નો નાસ કરી વાળને કાળા સુંવાળા રેશમ જેવા બનાવે છે. એમાની થોડીક દવા મારા સ્નેહીને આપતા તેના માથાની ખુજળી ગઇ અને વાળ નહીં વધતા હતા તે એ દવાથી એકદમ વધ્યા છે. એમાની બીજી ડબ્બી વી૦પી૦થી મોકલશો.

લી૦ આર૦ કે, દેશાઇ

મેસર્સ પંડિત બ્રધર્સ

વિ. જો કે આપના હેંડબીલમાં ફકત ચોવીસ કલાકમાંજ વાળ વધે છે. વાંચી હમે સર્વે ખુબ હસ્યા કે આવું બનેજ નહિં પરંતુ તે દવા અજમાવવા વિચાર થતા આપને ત્યાંથી લઇ વાપરી જોતાં બીજે દીવશે અજબ કે, આપના લખ્યા પ્રમાણે મારા ઘરમાં સર્વને ફકત ચોવીસ કલાકમાંજ વાળ વધેલા જણાયા તે સાથે જુ લીખનો પણ નાશ થયો જણાયો.

હવે બ્હાર થઇ છે કે આ એક અતિ

હતા છે. લી૦ બંધુ

એ૦ યુ૦ યાિ

મળવાનું ઠેકા

પંડિ

કિંમત કપડીના ૦-૧૦-૦ નાણાં

સીસીના રૂા-૧-૦-૦ સુરત

ટપાલ ખર્ચ જુદુ

થોડા વખતમાં બ્હાર પડશે.

“ પંડિત પચ્ચીસી ”

જેમાં હજી સુધી જાણ્યામાં નહિ આવે

એવો. કિંમત આગાઉથી ૦-૪-

મળવાનું ઠેકાણું-પંડિત અરબર્ટ નાણાવટ સુરત